# બટન Vs સેફ્ટી પીન

**જરૂરી સામગ્રી**

૧) ૫ લાલ કલરના બટન
૨) ૧૦ કાળા કલરના બટન
૩) ૫૦ સફેદ કલરના બટન
૪) એક બાઉલ
૫) સેફ્ટી પીન

**કેટલા લોકો રમી શકે?**

- બે કે તેથી વધુ

**કેવી રીતે રમાય?**



એડમીને સૌપ્રથમ સ્પર્ધકની સામે એક ટેબલ પર બાઉલ મુકી બધા બટન મિક્સ કરી દેવા. હવે સ્પર્ધકને સમજાવવું કે એક મીનીટ ના સમયગાળામાં સ્પર્ધકે બાઉલમાંથી એક પછી એક બટન સેફ્ટી પીન વડે ઉપાડી બહાર કાઢવા. લાલ બટનના ૫૦ પોઈન્ટ, કાળા બટનના ૨૦ પોઈન્ટ અને સફેદ બટનના ૧૦ પોઈન્ટ રહેશે. આમ એક મીનીટનાં અંતે જે સ્પર્ધકે વધુમાં વધુ પોઈન્ટ્સ બનાવેલ હશે તે સ્પર્ધક વિજેતા જાહેર થશે અને ઈનામને પાત્ર થશે.